## પ્રેક્ટિસના પ્રશ્નો

## કેપિટલ માર્કેટ (ડીલર્સ) મોડ્યુલ

પ્ર:૧ જો કોઈ ટ્રેડિંગ મેમ્બર ______ માં નિષ્ફળ નીવડે તો તે ગેરવર્તણુંક બદલ ગુનેગાર ગણાશે. [ ૧ ગુણાંક ]

(એ) એક્સચેન્જને તેનો ઓડિટ થયેલો હિસાબ સુપરત કરવા
(બી) તેનું સબસ્ક્રિપ્શન, ફી, આર્બિટ્રેશન ચાર્જીસ અથવા એક્સજેન્ચના લેણી નીકળતા કોઈપણ નાણાં ચૂકવવા
(સી) તેના ક્લિયરિંગ ફોર્મમાં કોઈપણ ખોટું અથવા ગેરમાર્ગે દોરનારું નિવેદન સુપરત કરે અથવા બનાવે
(ડી) ઉપરોક્ત તમામ

પ્ર:૨ NEAT સિસ્ટમમાંની મેસેજ વિન્ડો યુઝરને એક્સજેન્ચ દ્વારા પ્રસારીત કરાતાં સંદેશા જોવાની છૂટ આપે છે જેવાં કે, ________ [૧ ગુણાંક ]

(એ) કોર્પોરેટ પગલાં
(બી) બજારનાં સમાચારો
(સી) લિલામોને લગતી માહિતી
(ડી) ઉપરોક્ત તમામ

Q:૩ રિલાયન્સ લિ.નાં ૧૦૦ શેરો સોમવારે ખરીદવામાં આવ્યા છે. વચ્ચે જો કોઈ રજાઓ નથી, તો સેટલમેન્ટ _____ થવું જોઈએ ? [ ૨ ગુણાંક ]

(એ) બુધવારે (T+૨)
(બી) મંગળવારે (T+૧)
(સી) ગુરુવારે (T+૩)
(ડી) શુક્રવારે (T+૪)

Q:૪. _____ વોલ્યુમ સાથે સંબંધ ધરાવતી ઓર્ડરની પરિસ્થિતિ છે. [ ૨ ગુણાંક ]

(એ) માત્ર ભાવ મર્યાદાની પરિસ્થિતિ ધરાવતો ઓર્ડર
(બી) માત્ર સ્ટોપ લોસ ધરાવતો ઓર્ડર
(સી) ડિસ્ક્લોઝ્ડ ક્વોન્ટિટી (DQ) ધરાવતો ઓર્ડર
(ડી) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

Q:૫ બ્રાન્ચ મેનેજર _______ માટે દિવસનાં અંતે અહેવાલો મેળવે છે. [ ૨ ગુણાંક ]

(એ) માત્ર તેના પોતાના ઓર્ડરો
(બી) ટ્રેડિંગ મેમ્બર હેઠળના તમામ ડિલરો
(સી) એ બ્રાન્ચ હેઠળના તમામ ડિલરો
(ડી) કોઈપણ અધિકૃત યુઝર

Q:૬ નીચે જણાવેલી સુવિધા એકાઉન્ટ ફિલ્ડમાં યુઝરને ક્લાયન્ટ કોડ્સની યાદી મેળવવાની છૂટ આપે છેઃ [ ૨ ગુણાંક ]

(એ) ક્લાયન્ટ લિસ્ટ માસ્ટર
(બી) ક્લાયન્ટ ડેટાબેસ માસ્ટર
(સી) ક્લાયન્ટ કોડ માસ્ટર

(ડી) ક્લાયન્ટ માસ્ટર મેઈન્ટેનન્સ

પ્ર. ૭ યુઝર જ્યારે ઓર્ડર એન્ટ્રી સ્ક્રિનનો આશ્રય લે છે ત્યારે ડિફોલ્ટ તરીકે લેવાયેલી ફિલ્ડ (ફિલ્ડો) ________ છે. [ ૨ ગુણાંક ]

(એ) સિમ્બલ
(બી) સીરિજ
(સી) બુક ટાઈપ
(ડી) ઉપરોક્ત તમામ

Q:૮ જો ચોક્કસ દિવસે સિક્યુરિટીનો સોદો કરાયો નહીં હોય તો NSE ખાતે _______ ને બંધ ભાવ તરીકે ગણવામાં આવશે. [ ૨ ગુણાંક ]

(એ) છેલ્લા એક સપ્તાહ માટેના સરેરાશ બંધ ભાવ
(બી) સિદ્ધાંતિક બંધ ભાવ
(સીી) ઉપલબ્ધ છેલ્લામાં છેલ્લો બંધ ભાવ
(ડી) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

Q:૯ ૧૦,૦૦૦ શેરો માટે PQRમાં લિલામ યોજાયું છે.
PQRનો બંધ ભાવ તે દિવસે રૂ. ૨૫૯.૦૦ હતો.
PQRનો છેલ્લા સોદાનો ભાવ તે દિવસે ૨૫૪.૦૦ હતો.
PQRનો બંધ ભાવ છેલ્લા શુક્રવારે રૂ. ૨૫૫.૦૦ હતો.
PQRનો પાછલા દિવસનો બંધ ભાવ રૂ. ૨૬૪.૦૦ હતો.
મેમ્બર PQR માટે લિલામમાં વેચાણ ઓર્ડર મૂકી શકે તે માટેનો મહત્તમ પરવાનગીપાત્ર ભાવ શું છે? (ધારોકે લિલામ બજાર માટે લાગુ પડતી પ્રાઈઝ બેન્ડ +/-૨૦ ટકા) [ ૩ ગુણાંક ]

(એ) રૂ. ૩૧૬.૮૦
(બી) રૂ. ૩૯૦.૬૫
(સી) રૂ. ૩૬૪
(ડી) રૂ. ૩૯૪

Q:૧૦ NSEના ટ્રેડિંગ મેમ્બર તેની મુંબઈ શાખા માટે રૂ. ૯૫૦ લાખના શાખા ઓર્ડરનું મૂલ્ય ધરાવે છે અને દિલ્હી શાખા માટે રૂ. ૬૦૦ લાખ ધરાવે છે. મુંબઈ શાખા અનુક્રમે રૂ. ૩૦૦ લાખ અને રૂ. ૪૦૦ લાખના યુઝર ઓર્ડર મૂલ્ય મર્યાદા સાથે બે યુઝરો 'X' અને 'Y' ધરાવે છે. દિલ્હી શાખા રૂ. ૫૫૦ લાખની ઓર્ડર મૂલ્ય મર્યાદા સાથે એક યુઝર 'Z' ધરાવે છે. મેમ્બર મુંબઈ ખાતે નવા યુઝર માટે અર્જી કરે છે. નવા યુઝર માટે મહત્તમ યુઝર ઓર્ડર મૂલ્ય કેટલું નક્કી કરી શકાય ? [ ૩ ગુણાંક ]

(એ) રૂ. ૧૦૦ લાખ
(બી) યુઝર ઓર્ડર મૂલ્ય પર કોઈ નિયંત્રણ નહીં હોવાથી કોઈપણ રકમ
(સી) રૂ. ૨૫૦ લાખ
(ડી) રૂ. ૧૫૦ લાખ

Q:૧૧ સિક્યુરિટીઓ અને ફંડોનું પે-આઉટ સોદાની તારીખના _____ કામકાજના દિવસો બાદ થાય છે. [ ૨ ગુણાંક ]

(એ) 'T+૩'
(બી) 'T+૧'
(સી) 'T+૨'

(ડી) વેચાણના ૨૪ કલાકની અંદર

Q:૧૨ NSE એ ૨ જુલાઈ, ૨૦૦૧થી અમલમાં આવે એ રીતે ફરજીયાત રોલિંગ સેટલમેંટમાં ___________ નો અમલ શરૂ કર્યો છે. [ ૧ ગુણાંક ]

(એ) સિક્યુરિટી આધારિત માર્કેટ-વાઈડ સર્કિટ બ્રેકર્સ
(બી) ઈન્ડેક્સ આધારિત માર્કેટ-વાઈડ સર્કિટ બ્રેકર્સ
(સી) માર્કેટ-વાઈડ આધારિત સિક્યુરિટી વાઈસ સર્કિટ બ્રેકર્સ
(ડી) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

Q:૧૩ એક અધિકૃત વ્યક્તિ દ્વારા ટ્રેડિંગ મેમ્બરને પરિચય કરાવાયેલા ગ્રાહકોએ ટ્રેડિંગ મેમ્બરના ટ્રેડ નેમમાં સીધી સિક્યુરિટીઓની ડિલીવરી અને ચૂકવણી કરવાની રહેશે. સાચું કે ખોટું? [ ૧ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૧૪ કામકાજના સમય દરમ્યાન કોઈપણ સમયે સિક્યુરિટી વાઈસ યુઝર ઓર્ડર ક્વોન્ટિટી લિમીટ (SUOQL)ને સુધારી શકાશે. સાચું કે ખોટું? [ ૨ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૧૫ _____ નું મર્યાદિત હાજર બજારમાં કામકાજ કરી શકાય. [ ૧ ગુણાંક ]

(એ) અપ્રવાહી શેરો
(બી) ફ્યુચર્સ અને ઓપ્શન્સ
(સી) ઓડ લોટ્સ
(ડી) સરકારી સિક્યુરિટીઝ

Q:૧૬ સિક્યુરિટીઝ ડીલિવરી સ્ટેટમેન્ટઃ આ નિવેદન _____ અંગેની માહિતી પૂરી પાડે છે ? [ ૧ ગુણાંક ]

(એ) ડીલીવરી કેન્દ્ર
(બી) દરેક સિક્યુરિટી માટે ડીલિવરી કરવાના શેરોની કુલ સંખ્યા
(સી) ડીલિવરી કરાયેલી સંખ્યા અને શોર્ટ ડીલિવરી કરાયેલા શેરોની સંખ્યા
(ડી) ઉપરોક્ત તમામ

Q:૧૭ જો કોઈ ગ્રાહક દલાલ મારફતે રૂ. ૫,૨૫,૦૦૦ મૂલ્યના શેરો ખરીદે અને રૂ. ૪,૭૫,૦૦૦ મૂલ્યના શેરો વેચે તો દલાલને ચૂકવણીપાત્ર મહત્તમ દલાલી ________ છે. [ ૨ ગુણાંક ]

(એ) રૂ. ૨૫,૦૦૦
(બી) રૂ. ૧૫,૦૦૦
(સી) રૂ. ૧૦,૦૦૦
(ડી) રૂ. ૨૦,૦૦૦

Q:૧૮ ટ્રેડિંગ મેમ્બર દ્વારા અપાયેલી જાહેર ખબર કોઈપણ કંપનીનો કોઈપણ ચોક્કસ શેર અથવા સિક્યુરિટીની ખરીદી અથવા વેચાણ સંબંધમાં ભલામણ ધરાવી શકે. સાચું કે ખોટું? [ ૨ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૧૯ ટ્રેડિંગ મેમ્બર પ્રિન્સિપલ તરીકે પોઝીશન લે એવા સોદા માટે ગ્રાહકના ખાતામાંથી ચૂકવણી કરવાની છૂટ નથી ? [ ૨ ગુણાંક ]

(એ) સાચું, સિવાય કે તેના ગ્રાહકો ચૂકવણીને મંજૂરી આપે
(બી) સાચું
(સી) સાચું, ફક્ત ત્યારે જ તેના ગ્રાહકો સમયસર ચૂકવણી કરતા હોય
(ડી) ખોટું

Q:૨૦ ટ્રેડિંગ મેમ્બરોએ તેમની પોતાની ડિમટીરીઅલાઈઝ્ડ સિક્યુરિટીઓને જાળવી રાખવા માટેના તેમના બેનીફિશિયરી ખાતાથી નોખા તરી આવે એવા અલગ બેનીફિશિયરી ખાતામાં ગ્રાહકોની ડિમટીરીઅલાઈઝ્ડ સિક્યુરિટીઓ રાખવી પડશે. સાચું કે ખોટું? [ ૧ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૨૧ એક પોર્ટફોલિયો નિમ્નલિખિત અપેક્ષિત વળતર સાથેની સિક્યુરિટીઓ ધરાવે છે :-

| સિક્યુરિટી | નફાશક્તિ | વળતર |
|---|---|---|
| એ | ૩૦ | ૧૦ |
| બી | ૪૦ | ૧૨ |
| સી | ૩૦ | ૧૫ |

પોર્ટફોલિયોનું અપેક્ષિત વળતર શું હશે? [ ૧ ગુણાંક ]

(એ) ૧૨.૮૦
(બી) ૨૩
(સી) ૧૨.૩૦
(ડી) ૧૪.૭૦

Q:૨૨ __________ દરેક મેમ્બરનો કાઉન્ટર પાર્ટી જોખમ ધારણ કરે છે અને નાણાંકીય પતાવટની ખાતરી આપે છે. સાચું કે ખોટું? [ ૨ ગુણાંક ]

(એ) સેબી
(બી) સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસેસ લિ. (CDSL)
(સી) ધી નેશનલ ડીપોઝીટરી સર્વિસેસ લિ. (NSDL)
(ડી) ધી નેશનલ સિક્યુરિટીઝ ક્લિયરિંગ કોર્પોરેશન લિ. (NSCCL)

Q:૨૩ NEAT સિસ્ટમમાં 'Activity Log' સ્ક્રિનમાં એક પ્રવૃત્તિ તરીકે 'OM' શું સૂચવે છે ? [ ૧ ગુણાંક ]

(એ) મેળબેસતો ઓર્ડર
(બી) રદ્દ થયેલો ઓર્ડર
(સી) સુધારેલો સોદો
(ડી) સુધારેલો ઓર્ડર

Q:૨૪ NSEના સભ્ય બનવા માટેની જરૂરિયાતોમાંથી એક જરૂરિયાત NSEની સર્ટિફિકેશન ઈન ફાઈનાન્શિયલ માર્કેટ (NCFM) હેઠળ ઓનલાઈન પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની છે. [ ૧ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૨૫ જ્યારે કોઈ માન્યતા પ્રાપ્ત શેર બજાર તેના બાયલોઝ દ્વારા અપાયેલી કોઈપણ સત્તાને અનુસરીને કોઈપણ કંપનીની સિક્યુરિટીઓની લીસ્ટ કરવાનું નકારે ત્યારે આવા ઈન્કાર માટેના કારણો જાણવા કંપની હક ધરાવે છે અને આવા ઈન્કારની વિરુદ્ધ કંપની ________ ને અપીલ કરી શકે છે. [ ૧ ગુણાંક ]

(એ) સેબી
(બી) માન્યતાપ્રાપ્ત શેર બજાર
(સી) સિક્યુરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલ (SAT)
(ડી) હાઈ કોર્ટ

Q:૨૬ બજાર બંધ થયા બાદ સર્વેલન્સ એન્ડ કંટ્રોલ (SURCON) એવો સમયગાળો છે જે દરમ્યાન યુઝર્સ માત્ર ______ ધરાવે છે. [ ૧ ગુણાંક ]

(એ) ઓર્ડર એન્ટ્રી પહોંચ
(બી) સોદો રદ્દ કરવાની પહોંચ
(સી) સોદો સુધારવાની પહોંચ
(ડી) તપાસની પહોંચ

Q:૨૭ શેર દલાલે દલાલી અથવા કમિશન પેદા કરવાનાં એક માત્ર ઉદ્દેશ સાથે સિક્યુરિટીઓનું વેચાણ અથવા ખરીદીને ઉત્તેજન આપવું નહીં જોઈએ. શું ઉપરોક્ત નિવેદન સેબી (શેર દલાલો અને પેટા-દલાલો) નિયમનો, ૧૯૯૨ હેઠળ નિર્ધારિત આચારસહિંતા માર્ગદર્શિકા હેઠળ સાચું અથવા ખોટું છે? [ ૨ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૨૮ સોદાના ચક્રનાં અંતે પતાવટના સમયપત્રક મુજબ સિક્યુરિટીઓ/ફંડોની ડીલિવરી માટે ટ્રેડિંગ મેમ્બરોની જવાબદારીઓ નક્કી કરવા સોદાઓનો ______ કરાય છે. [ ૨ ગુણાંક ]

(એ) સરવાળો
(બી) સરેરાશ
(સી) ચોખ્ખી સરેરાશ
(ડી) સરભર

Q:૨૯ સોદાઓ પ્રત્યે NSCCL કાઉન્ટર પાર્ટીઓ વચ્ચે મધ્યસ્થ કાઉન્ટર પાર્ટી તરીકે પોતાને ગોઠવે છે અને ચોખ્ખી પોઝીશનો નક્કી કરે છે જેથી મેમ્બર સિક્યુરિટી મેળવવા અથવા ડીલિવર કરવા માટેની ચોખ્ખી જવાબદારી ધરાવે અને ક્યાં તો મેમ્બરે ભંડોળ ચૂકવવું પડે અથવા તે ભંડોળ મેળવી શકે. સાચું કે ખોટું? [ ૧ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૩૦ પ્રવાહી સિક્યુરિટી માટે VaR માર્જિન સિક્યુરિટીના _______ પર આધારિત છે. [ ૨ ગુણાંક ]

(એ) ચંચળતા
(બી) વળતર

(સી) પ્રવાહિતા
(ડી) એક્સપોઝર મર્યાદા

Q:૩૧ ડીમેટ સિક્યુરિટીઓ ટ્રાન્સફર કરવા પરની સ્ટેમ્પ ડ્યૂટી માફ કરાય છે. સાચું કે ખોટું? [ ૧ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૩૨ એવી કોઈપણ વ્યક્તિને માન્યતા પ્રાપ્ત શેરબજારના ટ્રેડિંગ મેમ્બર તરીકે દાખલ નહીં કરાય, જો એ વ્યક્તિ નાદાર ગણાવી શકે અથવા તેની વિરુદ્ધ નાદારીનો રિસિવર ઓર્ડર બહાર પડાયો હોય અથવા તેણે છેવટનો છૂટકારો હાંસલ કર્યો હોવા છતાં નાદાર પૂરવાર થઈ હોય. સાચું કે ખોટું? [ ૧ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૩૩ સ્ટોપ લોસ ઓર્ડરોને સ્ટોપ લોસ બુકમાં _______________ વડે અગ્રતા ક્રમમાં ગોઠવવામાં આવે છે. [ ૧ ગુણાંક ]

(એ) સૌ પ્રથમ પ્રતિક્રિયા પેદા કરવાની ખૂબ જ સંભાવના ધરાવતો ઓર્ડર અને છેલ્લે પ્રતિક્રિયા પેદા કરવાની ઓછી સંભાવના ધરાતો ઓર્ડર.
(બી) સૌ પ્રથમ પ્રતિક્રિયા પેદા કરવાની ઓછી સંભાવના ધરાતો ઓર્ડર અને છેલ્લે પ્રતિક્રિયા પેદા કરવાની ખૂબ જ સંભાવના ધરાવતો ઓર્ડર.
(સી) ક્રમાનુસાર સમય-ભાવની અગ્રતા
(ડી) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

Q:૩૪ _____ સાથેના ઓર્ડરો બજાર પ્રત્યે માત્ર કુલ ઓર્ડરની સંખ્યાનો માત્ર અમુક ભાગ છતો કરે છે. [ ૧ ગુણાંક ]

(એ) ઈમીજીએટ ઓર કેન્સલ (IOC)
(બી) સ્ટોપ લોસ (SL)
(સી) ડિસ્ક્લોઝ્ડ ક્વોન્ટિટી (DQ)
(ડી) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

Q:૩૫ ખરીદીનાં બે ઓર્ડરો સિસ્ટમમાં દાખલ કરાય છે અને તેમનો મેળ નથી બેસતોઃ

૧) ૨૦૦ શેર રૂ. ૭૨.૭૫ના ભાવે સવારે ૧૦:૩૦ કલાકે
૨) ૩૦૦ શેર રૂ. ૭૨.૭૫ ના ભાવે સવારે ૧૦:૩૧ કલાકે

કયો ઓર્ડર અમલમાં મૂકાવા માટે અગ્રતા મેળવશે. [ ૧ ગુણાંક ]

(એ) ઓર્ડર નં. ૧.
(બી) ઓર્ડર નં. ૨
(સી) બન્ને સરખી અગ્રતા ધરાવશે
(ડી) કોઈપણ નહીં

Q:૩૬ નિવેદન ૧ : જો નિષ્ક્રિય વેચાણ ઓર્ડરનો ભાવ સક્રિય ખરીદીના ઓર્ડર કરતાં ઓછો અથવા તેના જેટલો સરખો હોય તો, સક્રિય ખરીદીનો ઓર્ડર શ્રેષ્ઠ નિષ્ક્રિય વેચાણ ઓર્ડર સાથે બંધ બેસે છે.

નિવેદન ૨ : જો નિષ્ક્રિય ખરીદીનો ભાવ સક્રિય વેચાણના ભાવ કરતાં ઓછો અથવા તેના જેટલો સરખો હોય તો નિષ્ક્રિય ખરીદીનો ઓર્ડર શ્રેષ્ઠ સક્રિય વેચાણ ઓર્ડર સાથે બંધ બેસે છે.

ઉપરોક્તમાંથી કયું નિવેદન સાચું છે? [ ૨ ગુણાંક ]

(એ) નિવેદન ૨
(બી) નિવેદન ૧
(સી) બન્ને નિવેદનો સાચા છે
(ડી) બન્ને નિવેદનો ખોટા છે

Q:૩૭ અગાઉથી નક્કી કરેલી બજાર ભાવ રક્ષણની ટકાવારી ચૂકથી LTPના _____ નક્કી કરેલ છે. [ ૨ ગુણાંક ]

(એ) ૧૦%
(બી) ૨%
(સી) ૩%
(ડી) ૫%

Q:૩૮ યુઝર ટ્રેડિંગ સ્ક્રીન પર એકી સાથે નિયમિત તપાસ (રેગ્યુલર ઈન્ક્વાયરી) (દા.ત. MBP) અને સ્નેપ ક્વોટને જોઈ શકે છે. સાચું કે ખોટું ? [ ૨ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૩૯ મંજુરી પામેલી બેન્કો દ્વારા જારી કરાયેલી ફિક્સ્ડ ડીપોઝીટ રીસીપ્ટ્સ (FDRs) ને ટ્રેડિંગ મેમ્બરો NSCCLમાં __________ તરીકે રજુ કરી શકે છે. [ ૨ ગુણાંક ]

(એ) સ્યોરિટી.
(બી) ઈન્ડેમ્નિટી
(સી) વોરન્ટી
(ડી) વધારાની બેઝ કેપિટલ

Q:૪૦ NSEના એક ટ્રેડિંગ મેમ્બરે તેની ચેન્નઈ શાખા માટે શાખા ઓર્ડરનું મૂલ્ય અમર્યાદિત રાખ્યું છે અને કોલકાત્તા શાખા માટે રૂ. ૮૦૦ લાખ નક્કી કર્યું છે. ચેન્નઈ શાખા અનુક્રમે રૂ. ૫૫૦ લાખ એ રૂ. ૫૦૦ લાખની યુઝર ઓર્ડર મર્યાદાઓ સાથે બે યુઝરો 'X' અને 'Y' ધરાવે છે. કોલકાત્તા શાખા રૂ. ૫૫૦ લાખના યુઝર ઓર્ડર સાથે એક યુઝર 'Z' ધરાવે છે. મેમ્બર કોલકાત્તા ખાતે નવા યુઝર માટે અરજી કરે છે, તો તેની નવા યુઝર માટે મહત્તમ યુઝર ઓર્ડરનું મૂલ્ય કેટલું નક્કી કરી શકાય ? [ ૩ ગુણાંક ]

(એ) રૂ. ૯૫૦ લાખથી વધુ નહીં
(બી) શૂન્ય
(સી) અમર્યાદિત
(ડી) રૂ. ૨૫૦ લાખ

Q:૪૧ ટ્રેડ ફોર ટ્રેડ (TT) ક્ષેત્રમાં તમામ સિક્યુરિટી માટે લાગુ પડતાં અપફ્રન્ટ માર્જીનના દરો _____ છે. [ ૨ ગુણાંક ]

(એ) ૫૦%
(બી) ૧૦૦%
(સી) ૨૦૦%
(ડી) ૧૫૦%

Q:૪૨ ____________ બદલ મેમ્બરો પર પેનલ્ટી લાદવામાં આવે છે. [ ૩ ગુણાંક ]

(એ) તેઓના ભંડોળની જવાબદારી પૂરી કરવાની નિષ્ફળતા
(બી) તેઓની સિક્યુરિટીઓની ડીલિવરીની જવાબદારીઓ પૂરી કરવામાં નિષ્ફળતા
(સી) ઓછી માર્જીન ભરવા
(ડી) ઉપરોક્ત તમામ

Q:૪૩ રાહુલને ત્રણવર્ષ પછી ચંદ્રા પાસેથી રૂ. ૧,૦૦,૦૦૦ મળવાના છે. જો વ્યાજનો દર ૮% હોય, તો ચંદ્રા પાસેથી લેવાની રકમનું વર્તમાન મૂલ્ય કેટલું થશે?

(એ) ૭૧,૬૮૬.૩૪
(બી) ૭૯,૩૮૩.૨૨
(સી) ૮૧,૨૩૨.૨૫
(ડી) ૯૧,૪૪૪.૯

Q:૪૪ સંસ્થાકીય સોદાઓને ઓર્ડર એન્ટ્રી સમયે ________ ના ઉપયોગ વડે ઓળખવામાં આવે છે.

(એ) યુઝર કોડ
(બી) યુઝર આઈડી
(સી) પાર્ટિસિપન્ટ કોડ
(ડી) ક્લાયન્ટ આઈડી

Q:૪૫ ખરીદીનાં બે ઓર્ડરો સિસ્ટમમાં દાખલ કરાય છે અને તેમનો મેળ નથી બેસતોઃ
૧) ૨૦૦ શેર રૂ. ૭૨.૭૫ના ભાવે સવારે ૧૦ઃ૩૦ કલાકે
૨) ૩૦૦ શેર રૂ. ૭૨.૭૦ ના ભાવે સવારે ૧૦ઃ૩૧ કલાકે

કયો ઓર્ડર અમલમાં મૂકાવા માટે અગ્રતા મેળવશે. [ ૧ ગુણાંક ]

(એ) ઓર્ડર નં. ૧.
(બી) ઓર્ડર નં. ૨
(સી) બન્ને સરખી અગ્રતા ધરાવશે
(ડી) કોઈપણ નહીં

Q:૪૬ NSCCLમાં ______ ક્લિયરિંગ મેમ્બર છે પરંતું ટ્રેડિંગ મેમ્બર નથી. [ ૨ ગુણાંક ]
(એ) સેલ્ફ ક્લિયરિંગ મેમ્બર
(બી) પાર્ટિસીપન્ટ
(સી) બ્રોકર
(ડી) કસ્ટોડિયન

Q:૪૭ NEAT સિસ્ટમમાં ફુલ મેસેજ વિન્ડો ('Full Message window')માં મેસેજ કોડ તરીકે 'AUI' શાનો નિર્દેશ કરે છે? [ ૧ ગુણાંક ]

(એ) ઓક્શન ઈનિશિયેશન મેસેજેસ
(બી) ઓક્શન યુઝર ઈન્ટરફેસ મેસેજેસ
(સી) યુઝર ઈન્ટરફેસને લગતા તમામ મેસેજેસ
(ડી) લિલામોને લગતા તમામ મેસેજેસ

Q:૪૮ ખરીદીનાં બે ઓર્ડરો સિસ્ટમમાં દાખલ કરાય છે અને તેમનો મેળ નથી બેસતોઃ

૧) ૨૦૦ શેર રૂ. ૭૨.૭૫ના ભાવે સવારે ૧૦:૩૦ કલાકે
૨) ૩૦૦ શેર રૂ. ૭૨.૮૦ ના ભાવે સવારે ૧૦:૩૧ કલાકે

કયો ઓર્ડર અમલમાં મૂકાવા માટે અગ્રતા મેળવશે. [ ૧ ગુણાંક ]

(એ) ઓર્ડર નં. ૧.
(બી) ઓર્ડર નં. ૨
(સી) બન્ને સરખી અગ્રતા ધરાવશે
(ડી) કોઈપણ નહીં

Q:૪૯ NSCCL દરેક મેમ્બરની ચોખ્ખી પતાવટની જવાબદારીઓ માટેની કાનૂની કાઉન્ટરપાર્ટી બને છે. આ સિદ્ધાંતને _____ કહેવાય. [ ૧ ગુણાંક ]

(એ) 'નોટેશન'
(બી) 'સેટલમેન્ટ ફુલફીલમેન્ટ'
(સી) 'નોવેશન'
(ડી) 'ઓબ્લિગેશન ગેરેન્ટી'

Q:૫૦ ટ્રેડિંગ મેમ્બરો એક્સચેન્જે શરુ કરેલા લિલામોમાં ઓર્ડરોને _____ તરીકે દાખલ કરીને સામેલ થઈ શકે છે.[ ૨ ગુણાંક ]

(એ) પાર્ટિસિપન્ટ
(બી) ઈનિશિએટર
(સી) સોલિસીટર
(ડી) ઉપરોક્તમાંથી એકપણ નહીં

Q:૫૧ કસ્ટોડિયલ ટ્રેડ અહેવાલોમાંથી એક __________ છે. [ ૧ ગુણાંક ]

(એ) ગ્રાહક જવાબદારી અહેવાલ
(બી) કસ્ટોડિયલ ટ્રેડની બાકી બહાલી
(સી) ક્લિયરિંગ મેમ્બરનો અહેવાલ
(ડી) ઉપરોક્તમાંથી એકપણ નહીં

Q:૫૨ જો કોઈ ગ્રાહક શેરદલાલ મારફતે રૂ. ૧,૦૦,૦૦૦ મૂલ્યના શેરો ખરીદે અને રૂ. ૧,૦૦,૦૦૦ મૂલ્યના શેરો વેચે તો મહત્તમ દલાલી ______ ચૂકવવાની રહેશે. [ ૩ ગુણાંક ]

(એ) રૂ. ૪,૦૦૦
(બી) રૂ. ૫,૦૦૦
(સી) રૂ. ૨,૦૦૦
(ડી) રૂ. ૬,૦૦૦

Q:૫૩ નિમ્નલિખિતમાંથી કોણ પ્રાઈમરી માર્કેટમાં સિક્યુરિટીઓ જારી નથી કરતી ? [ ૧ ગુણાંક ]

(એ) વિદેશી સંસ્થાકીય રોકાણકારો
(બી) રાજ્ય સરકારો
(સી) કંપનીઓ
(ડી) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

Q:૫૪ *ઓક્શન સ્ક્વેર અપ ડેબીટ સ્ટેટમેન્ટ* : આ અહેવાલ લિલામ નહીં થયેલી એવી ડીલિવરીઓની વિગતો પૂરી પાડે છે જેને એક્સચેન્જ દ્વારા સરખી કરાઈ છે. સાચું કે ખોટું ? [ ૨ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૫૫ નિમ્નલિખિત કોઈપણ અથવા સરખા કૃત્યો અથવા ચૂકો બદલ ટ્રેડિંગ સભ્ય બિન-ધંધાકારી વર્તનના ગુનેગાર ગણાશેઃ [ ૨ ગુણાંક ]

(એ) જો તે પોતાનો ધંધો અથવા પોતાના ગ્રાહકનો ધંધો બનાવટી નામે કરે
(બી) જો તે બનાવટી સોદો કરે
(સીી) કોઈપણ અફવા ફેલાવે અથવા ફેલાવા માટેની નિમિત્ત બને;
(ડી) ઉપરોક્તમાંથી તમામ

Q:૫૬ શ્રી દેસાઈએ વર્ષે બેન્કમાં રૂ. ૨,૦૦,૦૦૦ જમા કરવાનું નક્કી કર્યું છે. જો બેન્ક નિરંતર ચક્રવૃદ્ધિ વ્યાજની નીતિ ધરાવે છે અને વર્તમાન વ્યાજના દર ૮ ટકા છે તો બે વર્ષમાં થાપણ વધીને કેટલી થશે ? [ ૨ ગુણાંક ]
(એ) ૪૩૪,૧૪૧.૧૫
(બી) ૪૧૩,૫૦૨.૫૪
(સી) ૪૮૫,૧૨૩.૭૦
(ડી) ૪૩૩,૮૨૦.૮૧

Q:૫૭ શ્રી શાહએ વર્ષે બેન્કમાં રૂ. ૩,૦૦,૦૦૦ જમા કરવાનું નક્કી કર્યું છે. જો બેન્ક નિરંતર ચક્રવૃદ્ધિ વ્યાજની નીતિ ધરાવે છે અને વર્તમાન વ્યાજના દર ૧૨ ટકા છે તો ત્રણ વર્ષમાં થાપણ વધીને કેટલી થશે ? [ ૨ ગુણાંક ]
(એ) ૧,૨૩૪,૧૪૬.૧૫
(બી) ૧,૧૧૩,૫૦૨.૫૪
(સી) ૧,૦૮૫,૧૨૩.૭૦
(ડી) ૧,૦૮૩,૪૬૭.૬૩

Q:૫૮ NEAT સિસ્ટમમાં ‘‘ઓક્શન ઈન્કવાઈરી’’ સ્ક્રીનમાં ’P’ કેવા સ્ટેટસનો સંકેત આપે છે ? [ ૧ ગુણાંક ]

(એ) લિલામ હજુ અનિર્ણીત છે અને હજી શરૂ થવાનું બાકી છે.
(બી) લિલામ સ્ક્રીન પરથી કાઢી નખાયું છે.
(સી) ઓક્શન ઈન્કવાઈરી સ્ક્રીનમાં ’P’ જેવો કોઈપણ નિર્દેશક નથી.
(ડી) લિલામ પતી ગયું છે.

Q:૫૯ ઓન લાઈન બેકઅપ એવી સુવિધા છે જેનો યુઝર તમામ ઓર્ડરનો અને સોદાને લગતી માહિતીનો બેકઅપ લેવા માટે ઉપયોગ કરી શકે છે. સાચું કે ખોટું? [ ૨ ગુણાંક ]

(એ) સાચું
(બી) ખોટું

Q:૬૦ સિક્યુરિટી સિગ્માનો અર્થ પાછલા કામકાજના દિવસના અંતે ગણતરી કરાયેલી સિક્યુરિટીના ______ થાય છે. [ ૨ ગુણાંક ]

(એ) મીનનો
(બી) ચંચળતાનો
(સી) ઈમ્પેક્ટ કોસ્ટનો
(ડી) ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

**જવાબો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | (d) | ૨૧ | (c) | ૪૧ | (b) |
| ૨ | (d) | ૨૨ | (d) | ૪૨ | (d) |
| ૩ | (a) | ૨૩ | (d) | ૪૩ | (b) |
| ૪ | (c) | ૨૪ | (a) | ૪૪ | (c) |
| ૫ | (c) | ૨૫ | (c) | ૪૫ | (b) |
| ૬ | (d) | ૨૬ | (d) | ૪૬ | (d) |
| ૭ | (d) | ૨૭ | (a) | ૪૭ | (a) |
| ૮ | (c) | ૨૮ | (c) | ૪૮ | (b) |
| ૯ | (a) | ૨૯ | (a) | ૪૯ | (c) |
| ૧૦ | (c) | ૩૦ | (a) | ૫૦ | (c) |
| ૧૧ | (c) | ૩૧ | (a) | ૫૧ | (b) |
| ૧૨ | (b) | ૩૨ | (a) | ૫૨ | (b) |
| ૧૩ | (a) | ૩૩ | (a) | ૫૩ | (a) |
| ૧૪ | (a) | ૩૪ | (c) | ૫૪ | (a) |
| ૧૫ | (c) | ૩૫ | (a) | ૫૫ | (d) |
| ૧૬ | (d) | ૩૬ | (b) | ૫૬ | (d) |
| ૧૭ | (a) | ૩૭ | (d) | ૫૭ | (d) |
| ૧૮ | (b) | ૩૮ | (a) | ૫૮ | (a) |
| ૧૯ | (b) | ૩૯ | (d) | ૫૯ | (a) |
| ૨૦ | (a) | ૪૦ | (d) | ૬૦ | (b) |